આકાશવાણી, અમદાવાદ

09-08-2025 Midday: 2.30 to 2.35 pm

Saturday Regional News

## CM RAKSHABANDHAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા અને મહિલા ધારાસભ્યોએ મુખ્યમંત્રીને રાખડી બાંધી દીર્ઘાયુના આશીર્વાદ આપ્યા. અમદાવાદની સાધના વિનય મંદિર શાળાના વિદ્યાર્થીઓએ ઓપરેશન સિંદૂર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનની ઝાંખી કરાવતી 100 ફૂટ લાંબી રાખડી મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી. આ પર્વ નિમિત્તે મુખ્યમંત્રીને વિવિધ સમાજ-વર્ગોની બહેનોએ રક્ષા સૂત્ર રાખડી પ્રદાન કરી હતી.

## RAKSHABANDHAN-STATE-1

રાજ્ય સહિત દેશભરમાં આજે ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પર્વ રક્ષાબંધનની ઉજવણી થઈ રહી છે. અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે રક્ષાબંધન ભાવ અને શ્રદ્ધા પૂર્વક ઉજવાઈ. આ પ્રસંગે હજારો ભક્તોએ ભગવાન શામળાજીને રાખડી અર્પણ કરી હતી. ત્યારે ભગવાન શામળાજી હજારો ભક્તોની રક્ષાના તાંતણે બંધાયા હતા.રક્ષા બંધન પર્વ પ્રસંગે ભગવાન શામળિયાને વિશેષ સોનાના આભૂષણો થી શણગાર કરાયો હતો.

અરવલ્લી જિલ્લાની મોડાસા સબજેલ ખાતે બહેન કેદીઓને રાખડી બાંધવા માટે પહોંચતા, લાગણીશીલ દ્રશ્યો સર્જાયા હતા. જેલ પ્રશાસન દ્વારા બહેનોને ભેટ સ્વરૂપે છોડ આપવામાં આવ્યા હતા..દરમિયાન જામનગરના મહિલા કોર્પોરેટર ડિમ્પલબેન રાવલે સરહદ ઉપર ફરજ બજાવતા જવાનો તેમજ એન.સી.સીના જવાનોને રાખડી બાંધી હતી. પર્વની ઉજવણી બાદ NCC જામનગરના કમાન્ડિંગ ઓફિસર સ્નેહા રાયે પ્રતિક્રિયા આપી.

પૂર્વ કચ્છની સરહદે BSF ના જવાનોના હાથે રક્ષાસૂત્ર બાંધી સરહદી વિસ્તારની બહેનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાને BSFમાં ફરજ બજાવતી બહેનોએ રાખડી બાંધી સાંસદને મો મીઠુ કરાવ્યું હતું.

તો ભરૂચ જિલ્લા સબજેલ ખાતે વિવિધ સામાજિક સંસ્થાઓ તેમજ કેદીભાઈઓની બહેનોએ રાખડી બાંધી અને મોઢું મીઠું કરાવ્યુ હતું. આ અંગે જેલ અધિક્ષક એન.પી. રાઠોડે વધુ માહિતી આપી.

પાટણ શહેરના શ્રી જગદીશ મંદિર પરિસર ખાતે પણ ભક્તિમય માહોલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. આ પવિત્ર દિવસે બહેન સુભદ્રાજીએ ભાઈ જગન્નાથજી અને ભાઈ બલભદ્રજીને રાખડી બાંધી જગતના નાથ ભગવાન જગન્નાથજી વિશ્વનું કલ્યાણ કરે તેવા આશીર્વાદ પાઠવ્યાં હતાં.

## Navsari- harsh sanghvi

નવસારીના વાંસદાના મોટીભમતી ખાતે ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મજયંતિ ઉજવણી કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે આદિજાતીના 10 લાભાર્થીઓને 9 લાખ 86 હજાર રૂપિયાની વિવિધ સહાય, સહિત 12 નાગરિકોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા.

આ પ્રસંગે ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પ્રાસંગિક જણાવ્યું હતું કે, આઝાદીની ચળવળમાં ભગવાન બિરસા મુંડાનું યોગદાન ફક્ત આદિવાસી સમાજ માટે જ નહી સમગ્ર દેશ માટે ગર્વ અને પ્રેરણાદાયક છે. ભગવાન બિરસા મુંડાનું જીવન આજની યુવા પેઢી તથા આગામી પેઢીઓ માટે પણ દિશા સૂચક બનશે. કાર્યક્રમના અંતે શ્રી સંઘવીને સ્થાનિક આદિજાતી બહેનોએ રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ ઉપરાંત કાર્યક્રમના સ્થળે નવસારી અને વાંસદાના સ્થાનિક કલાકારોએ વિવિધ આદિવાસી નૃત્ય પ્રસ્તુત કરી મહાનુભાવો સહિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

## MEHSANA ST BUS

મહેસાણાના બહુચરાજી એસટી ડેપોને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા નવીન ત્રણ એસટી બસો ફાળવવામાં આવી છે. આ બસોમાં બહુચરાજીથી ધોળાવીરા, ઝાલોદ અને અંજાર સુધી દોડશે. ધારાસભ્ય સુખાજી ઠાકોરે આ બસોને લીલીઝંડી આપી બસોને પ્રસ્થાન કરાવ્યું હતું. આ બસોની સુવિધા વધવાથી એસટી તંત્રની આવકમાં પણ વધારો થશે. જ્યારે મુસાફરોની સલામત સવારીનો આનંદ લઈ શકશે.